R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૯
વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 32 DATE: 11-08-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાંનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ડીએમકેના સુપ્રીમો કરુણાનિધિનું ૯૪ વર્ષની જૈફ વયે નિધન

તામિલનાડુના રાજકારણના સીમાસ્થંભ સમા ડીએમકેના સુપ્રીમો અને પુર્વ મુખ્યમંત્રી એમ.કરુણાનિધિનું લાંબી માંદગી બાદ ચેન્નાઇ સ્થિત કાવેરી હોસ્પીટલમાં નિધન થયું હતું. તેઓ ૯૪ વર્ષના હતા.છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર રહેતા હતા.અને યુરીનરી ઇન્ફેક્શનના કારણે તેમની તબિયત લથડી હતી.તેમના અવસાનના સમાચારથી તેમના સમર્થકોમાં સોપો પડી ગયો હતો.તામિલનાડુ સરકારે તેમના માનમાં સાત દિવસનો શોક જાહેર કર્યો હતો.



રાજકીય પરિવારની દષ્ટ્રિએ દેશનો બીજો સૌથી મોટો રાજકીય પરિવાર તેમનો છે.તેમના પરિવારમાં ૩ પત્ની, ૪ પુત્ર અને બે પુત્રી છે.મુલાયમસિંહ બાદ તેમને પરિવાર સૌથી મોટો રાજકીય પરિવાર ગણાય છે.કરુણાનિધિનો પુત્ર સાંસદ હતો અને મંત્રી પણ હતો.તેમની પુત્રી કનિમોઝી હાલમાં પણ ડીએમકે તરફથી સાંસદ છે.જો કે હવે કરુણાનિધિના રાજકીય વારસ તેમના પુત્ર સ્તાલિન બનશે.તેમની ડીએમકેના કાર્યકારી પ્રમુખ તરીકે વરણી થઇ ચુકી છે.કરુણાનિધિ સહુ પ્રથમ ૧૯૬૯માં મુખ્યમંત્રી બન્યા હતા.તેમનું બેકગ્રાઉન્ડ ફિલ્મો હતી તેમણે લેખલી પટકથાઓ બહુ જાણીતી બની હતી.તેમણે લોકઆંદોલનોમાં હિસ્સો લીધો હતો.

## સુપ્રીમ કોર્ટે દેશમાં ચારેતરફ મહિલાઓ પર થતા બળાત્કાર બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી અને સરકારની ટીકા કરી

બિહારના મુઝફરનગરના શેલ્ટરહોમમાં કિશોરીઓ પર બળાત્કાર માટે નીતીશકુમાર સરકારની આકરી ઝાટકણી કાઢતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતુ કે એમ લાગી રહ્યુ છે કે રાજ્ય સરકારની રહેમનજર હેઠળ આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. દેશમાં ચારેતરફ-જમણે-ડાબે અને મધ્યમાં કિશોરીઓ અને મહિલાઓ પર બળાત્કાર ગુજારાઇ રહ્યા છે.જસ્ટીસ એમ.બી.લોકુર,જસ્ટીસ દીપક ગુપ્તા,જસ્ટીસ તે.એમ.જોસેફની બન્ચે દેશમાં મહિલાઓ પર આચરાઇ રહેલા બળાત્કાર અને તેમની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આંકડા ટાંક્યા હતા.બેન્ચે જણાવ્યુ હતુ કે દેશમાં દર છ કલાકે એક મહિલા બળાત્કારનો ભોગ બને છે.૨૦૧૬માં ભારતમાં ૩૮,૯૪૭ મહિલા પર બળાત્કાર ગુજારાયો છે.દેશમાં વર્ષમાં ૩૮,૦૦૦થી વધુ બળાત્કાર થઇ રહ્યા છે. સૌથી વધુ રેપ મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થઇ રહ્યા છે.દેશમાં ચારેતરફ મહિલાઓ પર ગુજારાતા બળાત્કાર અટકાવવા શું કરી શકાય ?

સુપ્રીમ કોર્ટે શેલ્ટરહોમનું સંચાલન કરતી એનજીઓને રાજ્ય સરકાર દ્વારા અપાતી સહાય પર સવાલ કરતાં જણાવ્યુ હતુ કે એન્જીઓને ફંડ આપતાં પહેલા તેની યોગ્યતા અને લાયકાતની ચકાસણી શા માટે કરાઇ નહોતી ?રાજ્યમાં આ પ્રકારના શેલ્ટર હોમને કોણે નાણાં આપ્યા છે ?

સુપ્રીમ કોર્ટેને માહીતી આપવામાં આવી હતી કે બિહારમાં મુઝફરપુરનું શેલ્ટર એકલું નથી જેના પર આ પ્રકારના આરોપ મુકાયા છે.રાજ્યમાં સરારી સહાયથી ચાલતાં ઓછામાં એછા ૧૫ શેલ્ટર હોમ પર મુકાયેલા કિશોરીઓ અને મહિલાઓ પર બળાત્કારના આરોપો સંદર્ભે તપાસ ચાલી રહી છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતુ કે એનજીઓ દ્વારા ચાલતાં શેલ્ટર હોમ્સની રોજીંદા ધોરણે ચકાસણી થવી જોઇએ.જો કે આ પ્રકારના કૌભાંડોમાં અનેક મોટા માથાઓ સંડોવાયેલા હોઇ શકે છે.પરંતુ તે માટે યોગ્ય તપાસ થવી જરુરી છે.

## ઇન્કમટેક્ષના રિટર્ન માટે આધારકાર્ડને જોડવા ફરજ પાડી શકાય નહીં : હાઇકોર્ટ

ઇન્કમટેક્ષ રિટર્ન ભરવા માટે પાનકાર્ડ સાથે આધારકાર્ડને ફરજીયાત જોડવાની જોગવાઇને હાઇકોર્ટના વકીલ દ્વારા કોર્ટમાં પડકારવામાં આવી હતી. હાઇકોર્ટે આધારકાર્ડ અંગે કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ હોવાથી ફરજીયાત આધાર કાર્ડ જોડ્યા વગર રિટર્ન સ્વીકારવા આદેશ આપ્યો છે.

ખેમચંદ કોષ્ટી નામના અરજદારે કરેલી અરજીમાં એવી રજુઆત કરી હતી કે તેમણે આધારકાર્ડ બનાવ્યું જ નથી.પરંતુ તેમને ઇન્કમટેક્ષ રિટર્ન ભરવાનું હોવાથી ઇન્કમટેક્ષ પોર્ટલ પર આધાર કાર્ડને જોડ્યા વગર તેમનું રિટર્ન સ્વીકારાતું નથી. અરજીમાં રજુઆત કરાઇ હતી કે ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૭ની ૧૩૯ કલમ હેઠળ રિટર્ન ભરવા માટે આધારને ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. પરંતુ આ જોગવાઇને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવતાં તે અંગે નિર્ણય બાકી છે તેથી હાલના તબક્કે રિટર્ન ભરવા માટે આધારને ફરજીયાત ન બનાવી શકાય. તેમનું રિટર્ન આધાર વગર જ સ્વીકારવા દાદ માંગવામાં આવી હતી.

બીજી તરફ આઇટી રિટર્ન ભરવાની સમય મર્યાદા ૩૧મી માર્ચ ૨૦૧૯ રાખવામાં આવી છે.તેથી પણ રિટર્ન આધાર વગર સ્વીકારવું પડે. અરજદારે કોર્ટને રજુઆત કરી હતી કે તેઓ નક્કી કરેલી સમય મર્યાદામાં રિટર્ન ભરવા માંગે છે.પરંતુ ભરી શકતા નથી.હાઇકોર્ટે આધાર કાર્ડને જોડ્યા વગર રિટર્ન સ્વીકારી લેવા આઇટી ને આદેશ કર્યો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## એબીપી ન્યુઝ ચેનલના ત્રણ પત્રકારોની હકાલપટ્ટીનો મુદ્દો સંસદમાં ગાજ્યો

હિન્દી ન્યુઝ ચેનલ એબીપીના ત્રણ નામાંકિત પત્રકારોની હકાલપટ્ટીનો મુદ્દો સંસદમાં ઉઠ્યો હતો.સંસદમાં વિપક્ષી નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે એબીપી ન્યુઝે કેન્દ્ર સરકારના કામકાજની ટીકા કરતો અહેવાલ પ્રસારિત કર્યો હતો.તેના કારણે આ ત્રણ પત્રકારોની હકાલપટ્ટી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે એબીપી ન્યુઝના મેનેજીંગ ડીરેક્ટર મિલિંદ ખાન્ડેકરને એબીપી ન્યુઝમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.પુણ્ય પ્રસુન બાજપેયીનુ રાજીનામું લઇ લેવાયું છે. અને અભિસાર શર્માને લાંબી રજા પર ઉતારી દેવાયા છે.

લોકસભામાં કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર મીડીયાની આઝાદી છીનવી લેવાનો આક્ષેપ કરતાં કહ્યુ કે ગત ત્રણ વર્ષમાં મીડીયાનો અવાજ દબાવવાની અનેક કોશીશ થઇ છે. મીડીયા જ્યારે સરકારના કામકાજનો રિયાલીટી ચેક કરતો અહેવાલ પ્રસારિત કરે છે ત્યારે તેને ધાક-ધમકી આપવામાં આવે છે.ડરાવવા-ધમકાવવામાં આવે છે.એબીપી ન્યુઝ ચેનલનું પ્રસારણ પણ બાધીત કરવામાં આવ્યુ હતું.ખડગેનો આક્ષેપને રદીયો આપતાં કેન્દ્રીય મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડે કહ્યુ હતુ કે એબીપી ન્યુઝે ખોટો રિપોર્ટ પ્રસારિત કર્યો હતો તેમ છતાં પણ સરકારે કંઇ કર્યુ ન હતું.તેમણે કહ્યુ હતુ કે સરકારને એબીપી ન્યુઝ સાથે કોઇ લેવાદેવા નથી. બે પત્રકારોની હકાલપટ્ટીને દર્શકોની ઘડી રહેલી સંખ્યા સાથે જોડી શકાય.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

તામીલનાડુના રાજકારણના ધુરંધર નેતા એમ.કરુણાનિધિ ની વિદાયથી રાજ્યના બે મહાન હસ્તીનો વિલય થયો છે. જયલલિતા તેમના જેવા જ એક મહાન નેતાઓ પૈકીના હતા જેમની તામિલનાડુની પ્રજા પર પોતાની આગવી પકડ હતી.૧૯૬૯માં પ્રથમવાર તેઓ તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા અને ત્યાર બાદ સતત પુરા પાંચ દાયકાઓ સુધી રાજ્ય અને રાષ્ટ્રના રાજકારણમાં છવાયેલા રહ્યા.તેમના નિધનથી દ્રવિડ રાજકારણના એક ઐતિહાસિક યુગની સમાપ્તિ થઈ છે.તેઓ સંપુર્ણપણે નાસ્તિક હતા. પરંપરાગત ભારતીય હિન્દુવાદી પરંપરાઓને તેમણે હંમેશા નકારી હતી. જ્યારે રિવાજો કે પરંપરાની વાત નીકળે ત્યારે તેઓ હંમેશા તેને ધાર્મિક દષ્ટિએજ મુલવવામાં આવે છે.કરુણાનિધિનું અવસાન થયું અને તેમનું સ્મારક કે સમાધિ બનાવવાનો રીવાજ તેમના અનુયાયીઓએ પાળ્યો છે.આ માટે તેઓ હાઈકોર્ટમાં કાનુની લડાઈ લડ્યા અને વિજય મેળવ્યો.

તામિલનાડુમાં છેલ્લા પાંચ દાયકાઓમાં દ્રવિડ રાજકારણના સ્તંભો મનાતા એવા ચાર નેતાઓ પૈકી અણ્ણાદુરાઈ,કરુણાનિધિ, એમ.જી.રામચંદ્રન અને જયલલિતાના નિધન પછી હવે બંને દ્રવિડ પક્ષોમાં જે નવી નેતાગીરી આવી છે તેનો પ્રભાવ ભુતકાળના નેતાઓ જેવો પ્રભાવશાળી રહેશે કે કેમ તે કહેવુ અત્યારે શક્ય નથી પરંતુ આ પ્રભાવ રાષ્ટ્રીય સ્તરે તેટલો પ્રભાવશાળી નહી બને તેવું ભાસે છે.

કદાચ અમ્માના અવસાન બાદ તેમના વારસદારો અને સમર્થકો વચ્ચે જે ગજગ્રાહ ચાલ્યો તેનો ઈતિહાસ તાજો છે પ રંતુ આજ બાબત કરુણાનિધિના વારસો અને સમર્થકો વચ્ચે કદાચ ઈતિહાસ દોહરાવે તેવું બને. જો કે કરુણાનિધિએ તેમના વારસ તરીકે સ્તાલિનને તેમની હયાતીમાંજ ઘોષિત કરી દીધા હતા.તેથી ચિત્ર સાફદેખાય છે પરંતુ વારસા માટે લડાઈ શક્ય છે તેમાં હાલમાં કઈ કહી શકાય નહીં. ભાજપ પોતાનો પગદંડો જમાવવા માટે તકનો અવશ્ય લાભ લે વા પ્રયત્ન કરશે અને વાંદરા બિલાડીની લડાઈમાં પોતાનો પગદંડો જમાવવાની કોશીશ કરશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.


ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

### જાણવા જેવું

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



# વનબંધુ સશક્તિકરણ માટે સંકલ્પબધ્ધ રાજ્ય સરકાર

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીએ આદિજાતિ વિકાસ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

## વનબંધુ સશક્તિકરણ માટેના નક્કર પગલાં

. વનબંધુ કલ્યાણ યોજના : આદિજાતિ વિકાસ માટે રૂ.૮૨,૦૦૦કરોડની ફાળવણી

. પેસા એક્ટની જોગવાઇઓનો સઘન અમલ : આદિજાતિ સમાજને જંગલની મુળ જળ-જમીન અને ગૌણ પેદાશોના એકત્રીકરણના અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ

.આદિવાસીઓના બંધારણીય અધિકારોનું રક્ષણ કરતા જાતિ પ્રમાણપત્ર માટેને કાયદો તા.૨૮-૩-૨૦૧૮ના રોજ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો.

. ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય શાળાઓ : ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ

. આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તા યુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનીવરસીટી (રાજપીપળાખાતે) સ્થાપના કરી છે.

. આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદીવાસી વિશેના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝીયમ ગરુડેશ્વર, રાજપીપળા ખાતે ૪૦ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે.

. સમરસ હોસ્ટેલ : છ મહાનગરોમાં કોલેજકક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ

. મેડીકલ-ઇજનેર અભ્યાસ માટે આદિજાતિના ૫૮૬૬ વિદ્યાર્થીઓને ખાસ કોચીંગ : ચાલુ વર્ષમાં ૧૮૮૧ વિદ્યાર્થીઓને મેડીકલ પ્રવેશ

## આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબધ્ધ

નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી,ગુજરાત

## સરકારી ઓઇલ કંપનીઓ સરદારની પ્રતિમા શા માટે બનાવી રહી છે ? સીએસઆર ફંડ નિર્માણધીન પ્રોજેક્ટ માટે ન આપી શકે : કેગ

એક બાજુ દેશની જનતાને પેટ્રોલ-ડીઝલના ભાવો દઝાડી રહ્યા છે.ઓઈલ કંપનીઓને પોષાતું નથી કે તેઓ દેશના ગ્રાહકોને સસ્તા ભાવે પેટ્રોલ કે ડીઝલ આપે. પરંતુ કોઈક નેતાની ઈચ્છાઓ પુરી કરવા માટે રુ.૩૦૦૦ કરોડનું આંધણ ચઢાવવામાં આ ઓઈલ કંપનીઓ પોતાની શાન સમજતી લાગે છે.સરકારી ઓડીટર કેગે એ સરકારી ઓઈલ કંપનીઓ પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે અને કહ્યુ છે કે આવી કંપનીઓ ગુજરાતના નર્મદા તટમાં સરદાર પટેલની ૩૦૦૦ કરોડ રુપીયાની પ્રતિમાં બનાવવા માટે કરોડો ખર્ચી રહી છે.૭ ઓગષ્ટ ૨૦૧૮નો રોજ સંસદમાં રખાયેલા કેગના રીપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સરકારી તેલ કંપનીઓ દ્વારા આટલી જંગી રકમ સરદાર પટેની પ્રતિમા માટે ખર્ચ કરવામાં આવે છે એ અયોગ્ય છે.

કેગે એ દાવો કર્યો કે સીએસઆર નિયમો અંતગર્ત કોઈ પણ કંપની રાષ્ટ્રીય ધરોહરને બચાવવા માટે આ ફંડનો ઉપયોગ કરી શકે છે.પરંતુ સરદાર પટેલની નિર્માણાધીન પ્રતિમા રાષ્ટ્રીય ધરોહર નથી.એટલે તેલ કંપનીઓ આ રીતે ખર્ચ કરી શકે નહીં. સરદાર પટેલની પ્રતિમા બનાવવા માટે ઓએનજીસી એ રુપીયા ૫૦ કરોડ,ઈન્ડીયન ઓઈલે રુ. ૨૧.૮૩કરોડ, બીપીસીએલ,એચપીસીએ અને ઓઆઈએલ એ ૨૫ કરોડ રુપીયા વર્ષ ૨૦૧૬-૧૭માં સીએસઆર ફંડ અંતગર્ત આપ્યા છે.બીજી તરફ, સ્ટેચ્યુ ઓફ યુનીટીના નામથી પ્રસ્તાવિત આ પ્રતિમાને બનાવવા માટે સરકાર તરફથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનીટી માટે દેશના ખુણે ખુણેથી સામાન્ય લોકોએ જરુરી લોખંડ આપ્યું છે.સરદાર પટેલની પ્રતિમામ ૧૮૨ મીટર ઉંચી કાસ્ય પ્રતિમા બનાવવા માટે કુલ ખર્ચ રુ. ૨૯૮૯ કરોડ થશે.

જ્યારે આ પ્રતિમા માટે બનાવેલી ફિલ્મમાં દાવો કરાયો છે કે દેશમાં લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમા માટે દેશભરમાંથી લોખંડ એકત્રિત કરાયું. જેમાં ખેડુતો દ્વારા પાવડો,કોદાળી,હળ સહિતના કૃષિ ઓજારો ગુજરાત પહોચાડાયા હતા.પરંતુ તેલ કંપનીઓ આ પ્રોજેક્ટ માટે કેમ ખર્ચ કચરી રહી છે ?તેવો સવાલ કેગ દ્વારા કરવામાં આવ્યો હતો.સ્ટેટચ્યુ ઓફ યુનીટીની વેબસાઈટ પરદાવો કરાયો હતો કે દેશભરના ખેડુતો દ્વારા હમણાં સુધી ૧ લાખ ૬૯ હજાર લોખંડના કૃષિ ઓજારો એકત્ર કરવામાં આવ્યા છે.લોખંડથી પ્રતિમા બનવાની નથી.તેના માટે કાસ્ય ધાતુનો ઉપયોગ થવાનો છે અને તે વિદેશમાં બનીને આવવાની છે.

## લોકોની હત્યા કરાય છે ,કોઇને ચિંતા હોય તેમ લાગતું જ નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડીયા થકી ફેલાવવામાં આવેલા મેસેજ થકી ભારતમાં ભીડ દ્વારા થતી હત્યાની ઘટના મામલે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતું કે એવું લાગે છે કે તેની કોઈને પડી જ નથી.

સોશ્યલ સાઈટ પર જાતીય ગુનાઓનો વીડીયો બ્લોક કરવાને લગતી એક સુનાવણી વેળાએ જસ્ટીસ મદન બી લોકુર અને જસ્ટીસ યુ યુ લલિતની બેન્ચે આ તારણ કાઢ્યું હતું. બેન્ચે કહ્યુ હતું કે આજકાલ સોશિયલ મીડીય પર અનેક વસ્તુઓ આવે છે. લોકો મારવામાં આવી રહ્યા છે પરંતુ કોઈને તેની ચિંતા હોય તેમ લાગતું નથી.ઈન્ટરનેટ સર્ચ એન્જીન્સ અને સોશિયલ નેટવર્કીંગ એપ્લીકેશન્સ ગુગલ, યાહુ ઈન્ડીયા પ્રાઈવેટ લી.માઈક્રોસોફ્ટ કોર્પો.(ઈન્ડીયા) ફેસબુક આયરલેન્ડ લી. અને વ્હોટ્સએપ ઈન્ફા વતી હાજર રહેલા વકીલે કોર્ટને માહીતી આપી હતી કે તેમણે આ મામલે તેમના દ્વારા હાથ ધરાયેલા પગલાંની પ્રગતિના દરજ્જાના રિપોર્ટસ ફાઈલ કરી દીધા છે.



અગાઉ મોબ લિન્ચીંગની ઘટનાઓ અંગે ચિંતા દર્શાવીને કેન્દ્ર સરકારની સુપ્રીમે ઝાટકણી કાઢી હતી. અને તેના પગલે સરકારે ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવાનો નિર્ણય લેવો પડ્યો હતો.

જો કે મોબ લીન્ચીંગની ઘટનાઓ અટકી નથી આ ઉપરાંત બીજી કેટલીક બનેલી ઘટનાઓથી ચિંતિત સુપ્રીમ કોર્ટે સરકારની આકરી ટીકાઓ કરતાં સરકાર અકળાઈ ઉઠી છે. કારણકે સરકારનો વ્યવસ્થા પર કોઈ અંકુશ રહ્યો નથી એવું લાગે છે.બળાત્કારની ઘટનાઓએ ચિંતા ઉપજાવે તેવા અહેવાલો મળ્યા છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## બીનનિવાસી ભારતીયો દ્વારા આરટીઆઇ ન થઇ શકે : માત્ર ભારતીયોને જ માહિતી અધિકાર પ્રાપ્ત છે : કેન્દ્ર સરકાર

લોકસભામાં જાણકારી આપતાં સરકારે જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકારના વિભાગો પાસેથી માહિતી મેળવવા માટે આરટીઆઈ કરવાનો અધિકાર નોન રેસિડેન્ટ ઈન્ડીયન્સ(એનઆરઆઈ)ને નથી. તેથી એનઆરઆઈ આરટીઆઈ કરી શકે નહીં.એક લેખિત જવાબમાં પર્સોનલ રાજ્યમંત્રી જીતેન્દ્ર સિંઘે કહ્યુ હતું " માત્ર ભારતના નાગરિકોને જ માહિતી અધિકાર પ્રાપ્ત છે. જે અધિકાર તેમને રાઈટ ટુ ઈન્ફોમેર્શન એક્ટ, ૨૦૦૫ અંતગર્ત મળેલો છે.આ અધિકારનો ઉપયોગ એનઆરઆઈ કરી શકતા નથી.તેમણે કહ્યુ હતું કે ભારતના નાગરિકો આરટીઆઈ એક્ટ,૨૦૦૫ અંતગર્ત ઓનલાઈન એપ્લીકેશન કરી શકે છે.હાલમાં અરજદારો પાસેથી મળેલી ઓનલાઈન આરટીઆઈ પ્રાપ્ત કરવાની, પ્રક્રિયાની અને તેનો જવાબ આપવાની સુવિધામાં ૨ ૨૦૦ પબ્લીક ઓથોરીટીઝ સામેલ છે.તેમણે કહ્યુ હતું કે કોઈપણ ભારતીય નાગરિક આરટીઆઈ માટે www.rtionline.govt.in પોર્ટલનો ઉપયોગ કરી શકે છે. જ્યાંથી તે કોઈ મંત્રાલય કે વિભાગની પસંદગી કરીને ઓનલાઈન આરટીઆઈ ફાઈલ કરી શકે છે. "

## રફાલ સામે બોર્ફોર્સ કૌભાંડની કોઇ વિસાત નથી : એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલો રફાલ સોદો એક મોટું ગુનાઇત કૃત્ય છે

એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલ રફાલ સોદો એક મોટું કૌભાંડ છે અને ગુનાઈત કૃત્ય છે.તેમજ રફાલ સોદો બોફોર્સ કરતાં પણ મોટું કૌભાંડ છે તેવો આરોપ ભાજપના પુર્વ મંત્રીઓ યશવંત સિંહા અને અરુણ શૌરીએ મુક્યો હતો.બંને બળવાખોર નેતાઓએ આ સોદમાં નેશનલ ઓડીટર કેગની તપાસની પણ માંગણી કરી હતી. શૌરી અને સિંહાએ દિલ્હીમાં વકીલ કમ સામાજીક કાર્યકર્તા પ્રશાંત ભુષણ સાથે મળીને પ્રેસ કોન્ફરન્સ કરી હતી. અને ફ્રાંસ પાસેથી રુપીયા ૫૮,૦૦૦કરોડમાં ખરીદવામાં આવનાર ૩૬ રફાલ વિમાન માટેના સોદા અંગે સવાલો કર્યા હતા. એટલું જ નહીં તેમણે આ સોદા માટેના માપદંડો એકલા હાથે નક્કી કરવામાં વડાપ્રધાન મોદી સામે સવાલો કર્યા હતા. અને તેમની આકરી ટીકા કરી હતી. આ આખો સોદો એક પ્રકારની ગુનાઈત ગેરરીતી છે અને તેમાં સરકારી સત્તાનો દુરપયોગ થયો છે. તેમ કહીને તેમણે ઉમેર્યું હતું કે સરકાર આ મામલે ઘણુ બધું છુપાવી રહી છે.ઉલ્લેખનીય છે કે કોગ્રેસે રફાલ મામલે સંસદમાં અને સંસદ બહાર સરકાર પર ગંભીર આરોપો મુકેલા છે.યુપીએ સરકાર દ્વારા ફ્રાંન્સ પાસેથી જે વિમાન રુપીયા ૫૨૬ કરોડમાં લેવા માટે સોદો થયો હતો તેના મોદી સરકાર રુપીયા ૧૬૭૦ કરોડ ચુકવી રહી છે.યુપીએ સરકાર તે વખતે ૧૨૬ વિમાન ખરીદવાની હતી.શૌરીએ કહ્યુ હતું કે બોફોર્સ કરતાં તો રફાલ કૌભાંડ ખુબ મોટું છે અને તેમાં થયેલી ગેરરીતી સામે તપાસ થવી જરુરી છે. કેગે તપાસ કરવી જરુરી છે.

### જાણવા જેવું

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઈની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઈલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઈ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.